

મુશ્કેલીઓ વચ્ચે આગળ વધવાની પ્રેરણા રૂપ બનશે અમદાવાદના આ દિવ્યાંગ યુવાનની સંઘર્ષગાથા

જીવનની રોજબરોજની સમસ્યાઓ અને પ્રશ્નો વચ્ચે આ ગાથા તમને તમારા ધ્યેય સુધી પહોંચવાની ઝંખનાને વધુ પ્રબળ બનાવશે. આ યુવાનની વાત જાણીને અઘરાં અને અશક્ય લાગતાં કામો તમને સરળ લાગશે. અમદાવાદના ૨૫ વર્ષીય યુવાન જય મહેશભાઈ ગાંગડીયાએ શારીરિક મર્યાદાઓ છતાં પોતાની એવી ખૂબી વિકસાવી કે આજે તેઓ અનેક લોકો માટે પ્રેરણાસ્રોત બની ગયા છે. પોતાની ચિત્રકળાથી છેલ્લાં છ વર્ષ દરમિયાન તેમણે ૩૫૦થી વધુ કેનવાસ પેઈન્ટિંગ બનાવ્યાં છે. જેમાંનાં અનેક પેઈન્ટિંગ તેઓ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોને ભેટ આપી ચૂક્યા છે.

તાજેતરમાં જ વિશ્વ દિવ્યાંગજન દિવસે જય ગાંગડીયાને શ્રેષ્ઠ દિવ્યાંગજન ૨૦૨૩નો નેશનલ એવોર્ડ દેશના રાષ્ટ્રપતિ સુશ્રી દ્રોપદી મૂર્મુજીના હસ્તે પ્રાપ્ત થયો છે. પોતાની કલ્પનાશક્તિ અને રંગ ભરેલી પીંછી કેનવાસ પર ચલાવી અદભુત ચિત્રો ઉપસાવવાની કળાથી જય સમગ્ર ગુજરાતનું ગૌરવ બન્યો છે, તેમનાં ૩૫૦થી વધુ પેઈન્ટિંગ્સમાં મિશન ચંદ્રયાન, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત ગુજરાતનો ગરબો, અમદાવાદ શહેરની સાંજ સહિતના નયનરમ્ય ચિત્રોનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ૭૩મા જન્મદિવસ નિમિત્તે યોજાયેલી 'શબ્દ રંગ' ચિત્ર સ્પર્ધામાં તેમના જ કાવ્યસંગ્રહ 'આંખ આ ધન્ય છે' અને કવિતા 'માડી મને કૌવત દેજે' પરથી 'મિસ યુ મોમ' ચિત્ર બનાવ્યું હતું, જેને વિનર ફોર બેસ્ટ પેઈન્ટિંગનો એવોર્ડ મળ્યો હતો. જયની આ શ્રેષ્ઠત્તમ કલાકારી છે.

જન્મથી જ જયને દત્તક લેનાર પિતાએ જણાવી સંઘર્ષગાથા

જય ગાંગડીયાની આટઆટલી સિદ્ધિઓ અને પ્રસિદ્ધિ વિશે જાણ્યા બાદ તમને કદાચ સવાલ થતો હશે કે, શું જયને જન્મજાત આ તકલીફ હતી? અનેક સમસ્યાઓ વચ્ચે પણ તે આટલો સફળ કેવી રીતે થયો? આ સવાલનો જવાબ આપતા જયના પિતા મહેશ ગાંગડીયા કહે છે કે, જયને અમે જન્મના પહેલા દિવસથી જ દતક લીધેલો છે. તે ત્રણ દિવસનો હતો ત્યારે કમળો થઈ જતા તાવ અને ખેંચ આવતી હતી. જેના કારણે તે સરેબલ પાલ્સી એટલે કે મગજના લકવાનો શિકાર બન્યો. સમય જતાં તેની આ ડિસેબિલિટી ૮૦% થઈ ગઈ.

જેના પરિણામે આખા શરીરના સ્નાયુ જકડાઈ ગયા. મગજ અને શરીરનાં અલગ અલગ અંગો વચ્ચે જ્ઞાન તંતુઓનો સંપર્ક નબળો થઈ ગયો. જેથી બોલવા-ચાલવા, બેસવા-ઉઠવા સહિતની રોજિંદી ક્રિયાઓ પણ તેના માટે અઘરી બની ગઈ. જયે ધોરણ પાંચ પછીનો અભ્યાસ સ્પેશિયલ સ્કૂલમાં કર્યો છે. તેનું આઈક્યુ લેવલ ખૂબ સારું હોવાથી ૧૧ વર્ષની ઉંમરથી જ જય પેઈન્ટિંગ કરે છે. તેની આ જ ખૂબીને કારણે તેણે સમગ્ર પરિવાર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આમ, જયની ઝળહળતી સિદ્ધિ પાછળ જેટલી જયની મહેનત છે તેટલું જ તેના પરિવારનું સમર્પણ પણ છે. તેની સંઘર્ષથી સફળતા સુધીની આ યાત્રા અનેક લોકો માટે ઊર્જાના સ્રોત સમાન સાબિત થશે.

બાળક સૌથી પહેલા કફ સાથે ઉધરસ, તાવ, શરદી થાય છે

ન્યુમોનિયાના લક્ષણો ધરાવતો નવો વાયરલ વાયરસ દુનિયાની ચિંતાનું કારણ બન્યો છે. અત્યાર સુધીમાં આ રોગની ઝપેટમાં લગભગ હજારો બાળકો આવી ચૂક્યા છે. ત્યારે આ નવો વાયરસ કેવી રીતે ફેલાય છે, તેના લક્ષણો શું છે અને આ વાયરસ કોવિડની જેમ જીવલેણ બની શકે કે કેમ? તે વિશે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે વિગતવાર માહિતી આપી હતી. આ નવો વાયરસ ચીનના ઉત્તર પ્રાંતમાં આવેલા બેઈજિંગ અને લિયાઓનિંગથી ફેલાયો છે.આ ફેલાતા વાયરસની સૌથી વધુ અસર નાના બાળકોને થઈ રહી છે. જેમાં ન્યુમોનિયાની અસર જોવા મળે છે. ત્યારબાદ આ બીમારી ગંભીર બનતી જાય છે. જેના લીધે બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. કેન્દ્ર સરકાર, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સૌપ્રથમ બાળકને કફ સાથે ઉધરસ, તાવ, શરદી થાય છે. અને ત્યારબાદ આ વાયરસ ન્યુમોનિયામાં ફેરવાઈ બાળકોને ગંભીર રીતે અસર કરે છે. જેમાં શ્વાસ લેવામાં તકલીફ પડવી, ખાંસી વગરનો તાવ આવવો, ફેફસામાં સોજો આવવો, છાતીમાં દુખાવો, થાક લાગવો, શરીરનું તાપમાન વધી જવું, ફેફસાંમાં ગાંઠ બની જવી મહત્વના લક્ષણો છે. આ સિવાય ન્યુમોનિયા અને ફ્લૂ જેવા રોગ થઈ શકે છે. આ વાયરસથી બચવા માટે લોકોએ અને ખાસ કરીને બાળકોએ વારંવાર હાથ ધોવા. બહાર જતી વખતે માસ્ક પહેરવું. બાળકોને ભીડભાડવાળી જગ્યાએ ન લઈ જવા. સામાન્યમાં સામાન્ય બીમારી જેવું લાગે તો તરત જ ડોક્ટરને બતાવવું અને જરૂરી સારવાર કરાવી દવા લેવી. સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું. પસંદગીયુક્ત સંસર્ગનિષેધમાં રહેવું.ડોક્ટરની સલાહ મુજબ ઈન્ફ્લ્યુએન્ઝા, કોવિડ-૧૯ અને અન્ય શ્વસન સંબંધિત રસી સમયસર લેવી. બીમાર લોકોથી દૂર રહેવું. બીમાર હોય ત્યારે ઘરે રહેવું. શ્વસન સંબંધિત બીમારીવાળી વ્યક્તિએ મુસાફરી કરવાનું ટાળવું. ડોક્ટરની સલાહ મુજબ એન્ટિ વાયરલ દવાઓ લેવી. તથા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સંસ્થાની નવી સૂચનાઓનું પાલન કરવું. હાલ ભારતમાં આ વાયરસના ફેલાવાનું જોખમ ઘણું ઓછું છે. પરંતુ તેના પ્રત્યે ગંભીરતા દાખવવી જરૂરી છે. જો કે ભારત સરકાર ચીનમાં બાળકોમાં ઉઁલ્લ્રર કેસ અને શ્વસન સંબંધિત રોગોના ફાટી નીકળવાની સ્થિતિ પર નજર રાખી રહી છે. તથા તેના નિવારણ માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સિવાય મંત્રાલય પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

વિટામિન ડી નાના બાળક માટે ખૂબ જ જરૂરી છે

કેટલાક વિટામિન્સ ખાસ કરીને ૬ મહિનાથી ઓછી ઉંમરના બાળકો માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ ઉંમરે બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ ખૂબ જ ઝડપથી થાય છે. આ બાળકો માટે ખાસ કરીને વિટામિન ડી, વિટામિન એ, આયર્ન, કેલ્શિયમ, ફોલિક એસિડ અને વિટામિન સી જેવા વિટામિન્સ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ વિટામિન્સ બાળકોના હાડકાંના વિકાસમાં, મગજની ક્ષમતા વધારવામાં અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. બાળકોને માતાના દૂધમાંથી લગભગ તમામ પ્રકારના વિટામિન મળે છે, જે તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ વિટામિન ડી સીધા સૂર્યપ્રકાશમાંથી મેળવી શકાય છે. આ વિટામિનની સૌથી વધુ ઉણપ બાળકોમાં જોવા મળે છે. તેથી ડૉક્ટરો નવજાત બાળકને દરરોજ યોગ્ય સમયે સૂર્યપ્રકાશ લેવાની સલાહ આપે છે. વિટામિન ડીને સામાન્ય રીતે સૂર્યમાંથી મેળવેલા વિટામિન તરીકે ઓળખવામાં આવે છે કારણ કે જ્યારે સૂર્યના કિરણો ત્વચા પર પડે છે ત્યારે તે આપણા શરીરમાં ઉત્પન્ન થાય છે, પરંતુ આજકાલ બહુમાળી ઈમારતો અને ગીચ વિસ્તારો, શિશુઓ, બાળકો અને પુખ્ત વયના તમામને યોગ્ય સૂર્યપ્રકાશ મળી રહ્યો નથી. ઘરમાં હંમેશા ભેજ રહે છે. કેટલાક લોકો તેમના ઘરની ચારે બાજુએ એટલા બધા પડદા રાખે છે કે સૂર્યના કિરણો ઘરની અંદર પહોંચી શકતા નથી. આ જ કારણ છે કે સૂર્યપ્રકાશના અભાવને કારણે બાળકોમાં વિટામિન ડીની ઉણપ જોવા મળે છે. વિટામિન ડી એ બાળકના શરીર માટે ખૂબ જ જરૂરી પોષક તત્વ છે.

૧.૫ મિલિયનથી વધુ લોકો અમેરિકામાં આવી ગયા

૨૦૨૧માં ૨૦૦થી વધુ દેશોમાંથી ૧.૫ મિલિયનથી વધુ લોકો અમેરિકા આવ્યા હતા. જેમાંથી લગભગ ૬૪૦,૦૦૦ લોકોનો એવા હતા જેઓ નોકરીની શોધમાં આવ્યા હતા. ઈમિગ્રેશન મુજબ તે અસામાન્ય રીતે મોટું વર્ષ હતું. કોરોનાનો રોગચાળો હળવો થવા લાગ્યો હતો. ટ્રમ્પ વહીવટીતંત્રની પ્રતિબંધિત ઈમિગ્રેશન નીતિઓમાંથી કેટલીક તાજેતરમાં જ રદ કરવામાં આવી હતી. અને ફુગાવો, હિંસા અને પર્યાવરણીય આપત્તિઓ વિશ્વભરના ઘણા લોકોને યુનાઈટેડ સ્ટેટ્સને નવી શરૂઆત કરવા માટે એક સ્થળ તરીકે જોવા માટે પ્રોત્સાહિત કરી રહી હતી. ૨૦૨૧નું મોટું ઈમિગ્રેશન વર્ષ પણ ઈમિગ્રેશન બૂમનો એક ભાગ હતું જે અમેરિકામાં ત્રણ પેઢીઓથી ચાલી રહ્યું છે. પ્યુ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા અભ્યાસ મુજબ, ૧૯૬૫ અને ૨૦૧૫ ની વચ્ચે અમેરિકાની કુલ વસ્તી વૃદ્ધિમાં ઈમિગ્રન્ટ્સનો હિસ્સો લગભગ ૫૫% હતો. દેશની વર્તમાન વસ્તીના લગભગ ૧૩.૬% અન્ય દેશમાં જન્મ્યા હતા, જે સ્તર છેલ્લે ૧૯૨૦માં જોવા મળ્યું હતું. પરંતુ જો તેઓ ન હોત તો શું? જો, આગામી કેટલાક દાયકાઓમાં અમેરિકામાં નવા આવનારાઓની સંખ્યા ઘણી ઓછી થાય અથવા તો શૂન્યની નજીક હોય તો શું થાય? આ એક એવો પ્રશ્ન છે જે નવી તાકીદ જેવો છે કારણ કે અમેરિકાની વૃદ્ધાવસ્થાની તેજી ટોપ ગિયરમાં આવી રહી છે. જ્યારે ઈમિગ્રેશન નીતિ લાંબા સમયથી રાજકીય ચર્ચાનો વિષય છે, અને ૨૦૨૪ની ચૂંટણીમાં તેનું જોર વધવાની સંભાવના છે. તેવા સમયમાં વધુ કે ઓછા નવા ઈમિગ્રન્ટ્સને આવકારવા જોઈએ કે કેમ તે અંગેના વિચારો હવે માત્ર બીજા સંદર્ભમાં જોવામાં આવે છે, અને તે પરિબળ છે - ઉંમર. અમેરિકા ઝડપથી વૃદ્ધ થઈ રહ્યું છે. આજે લગભગ ૬ માંથી ૧ અમેરિકન ૬૫ કે તેથી વધુ ઉંમરનો છે, પરંતુ ૨૦૫૦ સુધીમાં તે ૪માંથી લગભગ ૧ થઈ જશે. આજે અમેરિકામાં નિવૃત્ત લોકો કરતાં વધુ બાળકો છે, પરંતુ ૨૦૩૦ ના દાયકાની શરૂઆતમાં યુએસ સેન્સસ બ્યુરોના અંદાજ અનુસાર તે ચિત્ર ઉલટુ થઈ જશે. આજે અમેરિકામાં સરેરાશ વય લગભગ ૩૯ છે; ૨૦૫૦ સુધીમાં તે લગભગ ૪૪ થવાની ધારણા છે. ટૂંકમાં કહીએ તો યુ.એસ.ની વસ્તી ટૂંક સમયમાં જ એવા દેશો જેવી હશે જે હાલમાં વિશ્વના વૃદ્ધ દેશો છે. જાપાન, ઈટાલી અને ફિનલેન્ડ આ તમામ દેશમાં વૃદ્ધ લોકોની સંખ્યા વધારે છે. તેઓ વય-સંબંધિત આર્થિક સમસ્યાઓનો અનુભવ કરી રહ્યા છે. બધા આર્થિક ઉત્પાદકતાથી લઈને જન્મ દર સુધીની દરેક વસ્તુને વધારવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેવામાં આ દેશો એક જ રસ્તો અપનાવી રહ્યા છે અને તે છે ઈમિગ્રેશન. કેનેડામાં વયસ્ત લોકની સમસ્યા નથી પરંતુ ત્યાં વસ્તી ઘણી જ ઓછી છે અને તેના કારણે લેબરની અછત વર્તાઈ રહી છે. તેથી કેનેડાએ વિદેશી પ્રતિભા અને લેબરને આકર્ષવા માટે ગેસ્ટ વર્કર પ્રોગ્રામ શરૂ કર્યો છે. ફિનલેન્ડ ૨૦૨૦થી ફ્યુચર ઓફ માઈગ્રેશન પોલિસી અપનાવી છે. જ્યારે મોટા ભાગના ઈમિગ્રેશનને નકારી કાઢતા જાપાને પણ વિદેશમાં જન્મેલા પ્રતિભાશાળી લોકોનેને આકર્ષવા સ્પેસિફાઈડ સ્કિલ્ડ વર્કર્સ પ્રોગ્રામ શરૂ કર્યો છે. જાપાનની અર્થવ્યવસ્થા છેલ્લા ત્રણ દાયકામાં સંઘર્ષ કર્યા પછી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો કારણ કે તેની સરેરાશ ઉંમર વધીને ૪૯ થઈ ગઈ હતી અને તેની નિવૃત્ત વસ્તીમાં વિસ્ફોટ થયો હતો.

નિષ્ણાતો કહે છે કે તે અમેરિકા સહિતના આ તમામ દેશોએ યુવા કામદારોની જરૂર છે અને તેમણે વિશ્વમાં ગમે ત્યાંથી આવા કામદારો લાવવા જોઈએ. માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટિટ્યુટના ઈમિગ્રેશન પોલિસી પ્રોગ્રામના સહયોગી નિયામક જુલિયા ગેલેટે જણાવ્યું હતું ઈમિગ્રેશન અમેરિકાને પહેલાથી જ યુવાન બનાવી રહ્યું છે. જો તે અમારા ઉચ્ચ સ્તરના ઈમિગ્રેશન માટે ન હોત, તો અમેરિકા એશિયા અને યુરોપ કરતાં વહેલા વૃદ્ધ દેખાતો હોત. જ્યારે દેશનો મોટો હિસ્સો નિવૃત્તિ તરફ સરકી રહ્યો છે ત્યારે બની શકે તેવા સૌથી ગંભીર મુદ્દાઓને રોકવા માટે ઈમિગ્રેશન આવશ્યક બની શકે છે. આપણે ખાસ કરીને ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ, અને ઈમિગ્રેશન તેના ઉકેલનો એક ભાગ હોઈ શકે છે. જોકે ઈમિગ્રેશન વિશેની રાજકીય ચર્ચામાં ઘણીવાર બોર્ડર "એક્રાઉન્ટર્સ" શબ્દનો ઉપયોગ થાય છે અને મેક્સિકો અને લેટિન અમેરિકા જેવા ઓછી આવક ધરાવતા દેશોમાંથી આવતા ઈમિગ્રેશન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ છે, જે તાજેતરના ઈમિગ્રેશન વિશેના કેટલાક મૂળભૂત તથ્યોને છોડી દે છે. ઉદાહરણ તરીકે ૨૦૨૧માં અમેરિકામાં આવેલા લગભગ ૪૦% ઈમિગ્રન્ટ્સ એશિયામાંથી આવ્યા હતા, જ્યારે લગભગ ૩૫% ઉત્તર અમેરિકામાંથી આવ્યા હતા, મોટે ભાગે મેક્સિકો અને કેનેડામાંથી.

મૈરિંગો સિમ્સ હોસ્પિટલ ૬ઠ્ઠા એડવાન્સમેન્ટ ઈન એન્ડોરોલોજી કોન્ફરન્સ (AIE) ૨૦૨૩માં નોલેજ પાર્ટનર તરીકે ભાગ લેશે

અમદાવાદ, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા ૧૫-૧૭ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાનારી અમદાવાદમાં ૬ઠ્ઠી એડવાન્સમેન્ટ ઈન એન્ડોરોલોજી કોન્ફરન્સ ૨૦૨૩ માટે નોલેજ પાર્ટનર તરીકે ભાગ લઈ રહી છે. આ વર્ષે ૬ઠ્ઠી એડવાન્સમેન્ટ ઈન એન્ડોરોલોજી કોન્ફરન્સ (છૈંઈ) યુરોટેકનોલોજીની થીમ સાથે ભવિષ્યમાં વિશેષ છાપ છોડશે. અમે પેડિયાટ્રિક યુરોલોજી પર સમર્પિત ફોકસની સાથે સાથે એડવાન્સ્ડ રોબોટિક્સને એન્ડોરોલોજીમાં ઉપયોગમાં લેવા માટે ઉત્સાહિત છીએ. આ ૩ દિવસીય ઈવેન્ટ એક જ્ઞાનપૂર્ણ અને પરિવર્તનશીલ અનુભવ બની રહેશે. ભારતની સૌથી મોટી લાઈવ ઓપરેટિવ યુરોલોજી ઈવેન્ટનું ઉદ્ઘાટન શ્રી અમિત શાહ (માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી), શ્રી ભૂપેન્દ્ર પટેલ (માનનીય મુખ્યમંત્રી ગુજરાત), શ્રી રૂષિકેશ પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી, ગુજરાત સરકાર) દ્વારા કરવામાં આવશે. ((૧૮-૨)

ગુજરાત લિટરેચર ફેસ્ટિવલની ૧૦મી આવૃત્તિ ૨૪, ૨૫ અને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ યોજવામાં આવશે

ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ, ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ (GLF)ની દસમી આવૃત્તિ ગુજરાત મીડિયા ક્લબ (GMC) દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. તેનું ઉદ્ઘાટન માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે તારીખ ૨૪ ડિસેમ્બર ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે થશે. આ આવૃત્તિ ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી તારીખ ૨૪, ૨૫ અને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ દ્વારા યોજવામાં આવશે. ગુજરાતના પત્રકારત્વ અને મીડિયાજગતની સહુથી અગ્રણી સંસ્થા - ગુજરાત મીડિયા ક્લબ - GLFને પ્રોત્સાહિત કરવા અને સમર્થન આપવા આગળ આવી છે. જી.એલ.એફ. રાજ્યમાં સૌથી લાંબા સમયથી ચાલતો અને સહુથી લોકપ્રિય સાહિત્ય ઉત્સવ છે. www.gujlitfest.com વેબસાઈટ પર નોંધણી સાથે ફેસ્ટિવલમાં પ્રવેશ મફત છે સાહિત્યિક પ્રતિભાનો એક દશક: ૨૦૧૪ થી શરૂ કરીને, GLF એ ગુજરાતના સાંસ્કૃતિક માળખામાં ખુબ મહત્વનું પ્રદાન કર્યું છે.અને આજે તે સાહિત્યને સમર્પિત, વિશેષ તો ગુજરાતી ભાષા અને સાહિત્યને લાગતો સૌથી મોટા અને લોકપ્રિય કાર્યક્રમ તરીકે ઉભરી આવ્યો છે. થી મોટી સાહિત્યિક ઘટના બની છે. –

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

રૂફ ટોપ સોલર પાવર પ્લાન્ટની જોગવાઈ

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/2023-2024/19(EL) તા. 09.12.2023; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001; **વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; (1) ટેન્ડર નં. DRM/RJT/EL/2023-2024/19; (i) કામનું નામ:** રાજકોટ ડિવિઝન: વિવિધ સ્ટેશનો પર રૂફ ટોપ સોલર પાવર પ્લાન્ટની જોગવાઈ; **(ii) અંદાજિત ખર્ચ:** ₹ 4,54,46,800/- **(iii) EMD ની રકમ:** ₹ 3,77,200/-; **(iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય:** તા. 09.01.2024 ના 15:00 કલાક સુધી; **(v) ચાર્જેબલ:** 20-3676-03; **(vi) પ્રોજેક્ટ આઈડી:** 15.04.36.23.1.53.002 125

અમને લાઇક કરો: facebook.com/WesternRly

Public Notice

This is inform the General Public that the following shares certificate of **JSW Steel Limited** having its Registered office at **JSW Centre, Bandra Kurla Complex, Bandra (East), Mumbai, Maharashtra, 400051**. Registered in the name of the following share holder have been lost by them.

Name of the Share holders	Folio No	Cert. No	Dist. No	No. of shares
Atulkumar Ramanlal Bhavsar	JSW0716919	2544805	2390137851 - 2390138850	1000

The Public are hereby cautioned against purchasing or dealing in any way with the above referred share certificate.

Any person who has any claim in respect of the said share certificate/s should lodge such claim with the Company or its Registrar and transfer agents at **KFin Technologies Ltd, Karvy Selenium, Tower- B, Plot No. 31 & 32, Financial district, Nanakramguda, Serilingampally Mandal, Hyderabad, Telangana,500032**, within 15 days of publication of this notice after which no claim will be entertained and the Company shall proceed to issue Duplicate share Certificate/s.

Place: Patan
Date: 15.12.2023

Sd/-
Atulkumar Ramanlal Bhavsar

Chola
Enter a better life

ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસ : ચોલા ક્રેસ્ટ, સુપર બી, સીપ૪ અને સીપ૫,
૪, થીરૂ વી કા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ ૬૦૦૦૦૧
શાખા ઓફિસ : ૪૦૬ થી ૪૧૦, ચોથા માળે, "ધી વન વર્લ્ડ", સિનરજી હોસ્પિટલ સામે,અયોધ્યા ચોક પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

માલ દૂર કરવા માટેની નોટીસ

આ નોટિસ દ્વારા જણાવવામાં આવે છે કે **શ્રી જનક શૈલેષભાઈ મારૂ અને શ્રીમતી રિદ્ધિ મારુ** રહેઠાણ બ્લોક નં. ૧૦૩, વ્રજકુટીર એપાર્ટમેન્ટ, સંજીવની હોસ્પિટલ પાસે, રાજકોટ ૩૬૦૦૨૨ અને પ્લોટ નંબર ૧૦૦, સિલ્વર પાર્ક, ગોલ્ડન પાર્કની પાછળ, શિવમ પાર્ક પાસે, કોઠારિયા, રાજકોટ ૩૬૦૦૦૩ (ગુજરાત) જેમણે મેસર્સ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ પાસેથી નાણાકીય સુવિધા મેળવી છે, જેની નોંધાયેલ ઓફિસ છે ચોલા ક્રેસ્ટ, સુપર બી, સી ૫૪ અને સી ૫૫, ૪, થિરુ વીની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગિન્ડી , ચેન્નાઈ ૬૦૦૦૩૨, લોન એકાઉન્ટ નં. **HL04AJR000029531** સામે **રૂ. ૨૭,૩૩,૭૭૪ (રૂપિયા સત્તાવીસ લાખ તેત્રીસ હજાર સાતસો ચોત્તેર પુરા)** લીધેલ હતો અને ગીરો મુકેલ મિલકતના તમામ ભાગ અને હિસ્સા તેના બાંધવામાં આવેલ બિલ્ડીંગ ક્ષેત્રફળ ૫૫.૬૬ ચો. મી. કોઠારિયા રેવન્યુ સર્વે નં. ૧૮૮પીર પી સિલ્વર પાર્ક પી પ્લોટ નંબર ૧૦૦ (પ્લોટ નં. ૧૦૦, સિલ્વર પાર્ક, કોઠારિયા મેઈન રોડ, રાજકોટ) સબ-રજિસ્ટ્રાર રાજકોટ, રાજકોટ ઝોન ૭, રાજકોટ તાલુકો જિલ્લો રાજકોટ ગુજરાત રાજ્યમાં સ્થિત છે. જેની ચતુર્સીમા નીચે મુજબ છે : ઉત્તર : પ્લોટ નં. ૯૯, દક્ષિણ: સામાન્ય પ્લોટ, પૂર્વ: રોડ, પશ્ચિમ: પ્લોટ નં. ૯૦.

નામાંકિતદેણદાર અને સહ-દેણદાર દ્વારા બાકી લોનની રકમની ચુકવણીમાં ડિફોલ્ટ હોવાથી, ૨૫-૦૬-૨૦૨૩ના રોજ મેસર્સ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ દ્વારા ગીરો મૂકેલી મિલકતનો વાસ્તવિક ભૌતિક કબજો લેવામાં આવ્યો હતો. માનનીય ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, રાજકોટ, ગુજરાત દ્વારા ૨૦૨૩ ના સી.એમ.એ. નંબર ૫૧૬ હેઠળ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ કબજો ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો.

ગીરો મુકેલી મિલકતનો વાસ્તવિક ભૌતિક કબજો લેતી વખતે, ઉપરોક્ત દેણદાર અને સહ-દેણદારની અમુક સ્થાવર ચીજવસ્તુઓ જગ્યાની અંદર પડેલી હતી. ઉક્ત મિલકતનો કબજો લેવા અને સીલ કરતી વખતે, કોર્ટ રીસીવર દ્વારા નિયમો અનુસાર એક યાદી તૈયાર કરવામાં આવી હતી.

તા. ૨૬ જુલાઈ-૨૩, ૧૪ ઑગસ્ટ ૨૩ અને ૩૦ ઑગસ્ટ-૨૩ ની નોટિસો દ્વારા, અમે ઉપરોક્ત દેણદારો અને સહ-દેણદારોને વિનંતી કરી છે કે તેઓ ૭ દિવસની અંદર મિલકતમાં પડેલા માલને દૂર કરે. જો કે, દેણદાર નિયમનું પાલન કરવામાં ખારબ રીતે નિષ્ફળ રહ્યા છે.

આથી દેણદારોને ૦૮-૧૨-૨૦૨૩ના રોજ જંગમ મિલકતના વેચાણની નોટિસ પણ મોકલવામાં આવી હતી. તે ડિલિવરી વિના પરત કરવામાં આવી હતી.

હવે આ પ્રકાશન દ્વારા, અમે ઉપરોક્ત નામના દેણદાર અને સહ દેણદારોને આ નોટિસના પ્રકાશનની તારીખથી આગામી ૩ દિવસની અંદર પૂર્વ સૂચના સાથે ઉપરોક્ત મિલકતમાં પડેલા માલને દૂર કરવા માટે આહવાન કરીએ છીએ. મેસર્સ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ, ૪થા માળે, ધ વન વર્લ્ડ 'એ' વિંગ, ઓફિસ નંબર ૪૦૧ થી ૪૧૦, અયોધ્યા સર્કલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ (ગુજરાત) - ૩૬૦૦૦૬.

જો ઉપરોક્ત દેણદારો અને સહ-દેણદારો પ્રકાશનની તારીખથી ૩ દિવસની અંદર ઉપરોક્ત મિલકતમાં પડેલા માલને દૂર નહીં કરે, તો તે મિલકતમાંથી તેને દૂર કરવામાં આવશે અને સિક્યોરિટાઈઝેશન એક્ટ અને નિયમો ૨૦૦૨ મુજબ અલગથી નિકાલ કરવામાં આવશે અને ભારતીય કરાર અધિનિયમ ૧૮૭૨ હેઠળ, આ પ્રકાશનની તારીખથી ૭ દિવસ પછી રસ ધરાવતા પક્ષકારો પાસેથી અવતરણો આમંત્રિત કરીને ફક્ત તમારા પોતાના જોખમે અને પ્રતિ મેસર્સ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ તેના માટે જવાબદાર રહેશે નહીં. એવું કહેવામાં આવ્યું છે કે આ સંબંધમાં વધુ કોઈ અલગ માહિતી/પ્રકાશન કરવામાં આવશે નહીં.

તા. : ૧૪-૧૨-૨૦૨૩
સ્થળ : રાજકોટ

અધિકૃત અધિકારી,
મેસર્સ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.
શાખા ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **સાંકેતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/કાયદેસરના વારસદાર નુંનામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેણી રકમ	અનામત કિંમત --------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	અતુલ કે દેથડીયા (ઉધારકર્તા), મધુબેન એ દેથડીયા (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. (LHABD00001288876)	ફલેટ નં. ૨૦૪, બીજો માળ, બ્લોક નં. ૯એચ, બાંધકામ કરેલ જમીનનો રેવન્યુ સર્વે નં. ૧૦૧૭/સી, મોજે - સચાણા, તાલુકો - વિરમગામ, સબ જીલ્લો - વિરમગામ અને જીલ્લો - અમદાવાદ, આગમ ૯૯ રેસીડેન્સી, ફેઝ - ૨ થી જાણીતો પ્રોજેક્ટ, રેવન્યુ સર્વે નં. ૧૦૧૭/એ અને સર્વે નં. ૧૦૧૭/બી અને સર્વે નં. ૧૦૧૭/સી, જે સ્થિત સચાણા, તાલુકો - વિરમગામ, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - વિરમગામ અને જીલ્લો - અમદાવાદ - ૩૮૨૧૧૦.	રૂા. ૧૭,૮૨,૪૫૩/- ૦૭.૧૨.૨૦૨૩	રૂા. ૫,૯૦,૪૯૦/- ------ રૂા. ૫૯,૦૫૦/-	૨૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૦૧.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૦૨.૦૧.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦, તા. ૦૨.૦૧.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦ ખાતે તા. ૦૨.૦૧.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) **સુરત** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ.

હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમીટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

તારીખ : ૧૬.૧૨.૨૦૨૩
સ્થળ : અમદાવાદ

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ

SHRIRAM HOUSING FINANCE

શ્રીરામ હાઉસિંગ ફાયાનાન્સ લીમીટેડ
હેડ ઓફિસ : લેવલ-૩, વોકહાર્ડટ ટાવર્સ,ઈસ્ટ વિંગ સી-૨ બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૧. ટે.ફો.નં.૦૨૨-૪૨૪૧ ૦૪૦૦, ૦૨૨-૪૦૬૦ ૩૧૦૦ વેબસાઈટ : http://www.shriramhousing.in
રજી.ઓફિસ : ઓફિસ નં.૧૨૩, અંગપ્પા નૈકન સ્ટ્રીટ, ચેન્નઈ ૬૦૦૦૦૧. શાખા ઓફિસ : ૯૦૧-૯૦૪, નવમો માળ, ટાઈટેનિયમ સ્ક્વેર, અડાજન ગામ સર્કલ પાસે, ઈન્કમટેક્ષ ઓફિસ સામે, અડાજન, સુરત -૩૯૫૦૦૯

એપેન્ડિક્ષ-૪-એ કાયદો ૮(૬)ની જોગવાઈ જુઓ સ્થાયી મિલ્કતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યુરાઈટાઈઝેશન રિકન્સ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)કાયદાઓ,૨૦૦૨ ના કાયદા નં.૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા, સ્થાયી મિલ્કતોના વેચાણ માટે ઈ-નિલામી નોટિસ

આ નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે નીચે જણાવેલા દેવાદારો કે જામીનદારો દ્વારા ધ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ પાસે ગીરવે મુકેલી સ્થાયી મિલ્કતોની ઈ-નિલામી કરવામાં આવી રહી છે. આ ઈ-નિલામી માટે જે આધાર છે, જેવો આધાર છે, જે કંઈ આધાર છે તે વિગતો નીચે મુજબ છે. ધ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની દેવાદારો કે જામીનદારો પાસે નીકળતી બાકી લેણાં રકમ વસુલ કરવા માટે કબ્જો મેળવેલ સ્થાયી મિલ્કતોની ઈ-નિલામી કરવામાં આવશે. મિલ્કતો પરનો બોજો, બાનાની થાપણ કિમત, કુલ લેણાં રકમ તથા સ્થાયી મિલ્કતોને લગતી વિગતો તથા તારીખ અને સમય નીચે ટેબલમાં જણાવવામાં આવેલ છે.

દેવાદાર(રો)/સહ દેવાદાર(રો) જામીનદાર(રો)ગીરો મુકનારનું નામ	૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ	મિલકતનું વિવરણ	અનામત કિંમત(રૂા.) અને બીડ વધારા	બાનાની થાપણ કિંમત (ઈએમડી)વિગત	નિલામીની તારીખ અને સમય	વ્યક્તિનો સંપર્ક અને નિરિક્ષણ તારીખ
૧. સિધ્ધરાજ ઘુસાભાઈ ધદુક ૨. બિજલબેન સિધ્ધરાજભાઈ ધદુક રહેઠાણનું સરનામું : ૪૩, નંદ બંગ્લોઝ, મોટા વરાછા, અબ્રામા રોડ, ચોરયાસી, સુરત -૩૯૪૧૦૧ લોન ખાતા નંબર SLPHSRAT0000375 કબ્જા તારીખ અને કબ્જાનો પ્રકાર ૨૫-૦૬-૨૦૨૨ ભૌતિક કબ્જો જાણીતો બોજો જાણ નથી	૧૬/૦૮/૨૦૨૧ અને ૧૧/૦૮/૨૦૨૧ ના રોજ રૂા. ૨૫,૬૯,૭૯૮/- (રૂપિયા પચ્ચીસ લાખ ઓગણસિત્તેર હજાર સાતસોને અઠ્ઠાણું પુરા) કુલ બાકી નિકળતી રકમ બિડાણ મુજબ કરાર મુજબના દરે આગળના વ્યાજ સહિતની રકમ તા. ૧૮-૦૭-૨૦૨૨ ના રોજ રૂા. ૨૯,૫૮,૯૯૬/- (ઓગણત્રીસ લાખ અઠ્ઠાવન હજાર નવસોને છન્નું રૂપિયા પુરા)	શોપનં.એસ/૨૧૨ ની જમીનના તમામ ભાગો અને પાર્સલો, માપણી લગભગ ૬૬.૨૦ સ્કે.મી. સુપર બિલ્ટ અપ અને ૩૯.૭૨ સ્કે.મી. બિલ્ટ અપ અને ૩૩.૧૦ સ્કે.મી. કાર્પેટ એરિયા ઓબેરોન બિઝનેસ હબના બીજા માળ ઉપર સ્થિત, જમીન બેરિંગ રેવન્યુ સર્વે નં.૨૦૮/૮ ઉપર બાંધકામ કરેલ, બ્લોક નં.૧૯૧ માપણી લગભગ ૨૦૨૩ સ્કે.મી. જે પ્લોટ નં.૪૧ પણ ધરાવે છે, માપણી લગભગ ૧૪૭૭ સ્કે.મી., ટી.પી.સ્કીમ નં.૧૦, મોજે-પાલ, જીલ્લા સુરતની અંદર. સિમારેખાઓ : ઉત્તરમાં આકાશ તરફી ખુલી જમીન દક્ષિણમાં પેસેજ અને ટોયલેટ પૂર્વમાં શોપ નં.૨૧૩ અને પેસેજ પશ્ચિમમાં આકાશ તરફી ખુલી જમીન	રૂા.૨૧,૦૦,૦૦૦/- (એકવીસ લાખ રૂપિયા પુરા) બીડમાં વધારો રૂા.૧૦,૦૦૦/- અને તેના ગુણાંકમાં બાનાની થાપણ કિંમત (ઈએમડી) (રૂા.) રૂા.૨,૧૦,૦૦૦/- (બે લાખ દસ હજાર રૂપિયા પુરા) બાનાની થાપણ કિંમત જમા કરાવવાની આખરી તારીખ ૩૦મી ડિસેમ્બર ૨૦૨૩ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦	બાનાની થાપણ કિંમત આરટીજીએસ કે એનઈએફટી દ્વારા જમા કરાવવા માટેની વિગતો નીચે મુજબ છે.: **બેંક નામ :** એક્સિસ બેંક લિમિટેડ **શાખા :** બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ચાલુ ખાતાનો બેંક **ખાતા નં.** ૯૧૧૦૨૦૦૪૫૬૭૭૬૩૩ આઈએફએસસી કોડ UTIB0000230	૨જી જાન્યુઆરી, ૨૦૨૪ અને સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦	**અમર પાટિલ** મોબાઈલ - ૯૭૩૭૦૫૭૭૪૪ અને **ધર્મેન્દ્ર સિંઘ ચૌહાણ** મોબાઈલ - ૭૬૦૦૭૬૨૭૭૭ **ગ્રાહક સેવા નંબર :** ૦૨૨-૪૦૦૮૧૫૭૨ અને **મિલ્કત નિરિક્ષણ તારીખ -** ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૩ સમય - સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦

વેચાણને લગતી વધુ વિગતો માહિતી મેળવવા માટે શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની સત્તવાર વેબસાઈટ **http://shriramhousing.in/e-auction-residential** ની મુલાકાત લેશો. જે શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પ્રદાન કરવામાં આવી છે.

સુધારેલ એસએઆરએફએઈએસઆઈ કાયદો, ૨૦૦૨ ના કાયદા ૮(૬) હેઠળ અનુગામી વેચાણ માટે વૈધાનિક ૧૫ દિવસની નોટીસ.
નિલામી પહેલાં કુલ બાકી લેણાં રકમ અને તેના વ્યાજ સાથેની રકમ ચુકતે કરવા માટે ગીરો મુકનાર કે દેવાદારોને આખરી તક આપવામાં આવે છે. જો નિષ્ફળ જશો તો ગીરો મુકેલ સ્થાયી મિલ્કતો ઉપર મુજબ અનુસૂચિ પ્રમાણે વેચાણ કરવામાં આવશે.
ગીરો મુકનાર/ દેવાદારોને વિનંતી કરવામાં આવે છે કે સ્થાયી મિલકતની અંદરની અસ્થાયી મિલકતોને હટાવી લેશો.
ખાસ નોંધ : દરેક દેવાદારો /જામીનદારો /ગીરો મુકાનારાઓને સ્પીડ પોસ્ટ કે રજીસ્ટર પોસ્ટ દ્વારા સુરક્ષિત લેણદારો વેચાણ નોટીસ જારી કરવા જઈ રહ્યાં છે. જો કોઈ કારણોસર ઉપરોક્ત કોઈ પાર્ટીને નોટીસ ના મળે તો આ જાહેર વેચાણ નોટીસને અવેજીની સેવા તરીકે ધ્યાનમાં લેશો.

સ્થળ : સુરત
તારીખ : ૧૬-૧૨-૨૦૨૩

સહીં અધિકૃત અધિકારી
શ્રીરામ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ